# પ્રાંતિજ ખાતે ભાજપની મતદાતા ચેતના અભિયાન બેઠક

## લોકસભાની આગામી ચુંટણીને લઈને ભાજપનો ધમધમાટ : મતદાતા જાગૃતિ કાર્યશાળાનું આયોજન





પ્રાંતિજ તા.૨૩ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ માર્કેટયાર્ડ ખાતે ભાજપની મતદાતા ચેતના અભિયાનને લઈ ને બેઠક યોજાઇ હતી જેમા પૂર્વ મંત્રી , પૂર્વ ધારાસભ્ય, પ્રભારી સહિત પ્રાંતિજ શહેર તથા તાલુકા ના ભાજપના હોદેદારો કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આગામી લોકસભાની સામાન્ય ચુંટણી ૨૦૨૪ ની તૈયારી ના ભાગરૂપે ભાજપ દ્વારા એક વર્કશોપ તેમજ વિવિધ સેલના પ્રાંતિજ શહેર અને તાલુકાના હોદેદારો કાર્યકરો ની સાથે એક બેઠક વિધાનસભા પ્રભારી મહેન્દ્રસિંહજી રહેવર ના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી જેમા ભારતીય જનતા પાર્ટી દ્વારા નવા મતદારો ને મતદાર યાદીમા જોડવા તેમજ કમી કરવા મતદાર યાદીની ચકાસણી તથા યુવા મતદારોને આકર્ષવા તેમજ ભારતીય જનતા પાર્ટી મા જોડાય તે માટે શુ કરી શકાય તેમજ મતદારો ને પડતી તકલીફોનુ સુચારુ રૂપે આયોજન કરવા સમગ્ર દેશમાં મતદાતા ચેતના અભિયાન નો પ્રાંરભ કરાયો છે ત્યારે આ અન્વયે પ્રાંતિજ માર્કેટયાર્ડ ખાતે મતદાતા ચેતના અભિયાન બેઠક યોજાઈ હતી આ બેઠક માં વિધાનસભાના પ્રભારી અને ઝોનલ મહામંત્રી મહેન્દ્રસિંહજી રહેવર , પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા , પ્રાંતિજ તાલુકા પંચાયત મહિલા પ્રમુખ વર્ષાબા મકવાણા , પ્રાંતિજ પ્રભારી વિજયભાઈ વણઝારા, તાલુકા પ્રભારી જયંતિભાઈ પટેલ, પ્રાંતિજ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ , તાલુકા પ્રમુખ બળવંતભાઈ પટેલ , માર્કેટયાર્ડ ના ચેરમેન રાજુભાઈ પટેલ સહિત પ્રાંતિજ તથા તાલુકા માથી ભાજપ કાર્યકરો , હોદેદારો, આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને બેઠક મા વધારે નવા મતદારોનો ઉમેરો થાય તથા મૃત્યુ પામનાર લોકોના ચાલતા નામો કમી થાય તે તમામ બાબતો ને લઈ ને ભાજપ હોદેદારો ને માર્ગદર્શન આપવામા આવ્યુ હતુ.

# બાયડ તાલુકાના યાત્રાધામ જૂનાઉંટરડા ગામના સી.સી.રોડમાં ઠેર ઠેર ખાડા

## આર. એન્ડ બી. પંચાયતે પત્ર લખ્યો પરંતુ તંત્રને ફૂરસદ નથી



બાયડ , તા.૨૩ બાયડ તાલુકાના યાત્રાધામ જૂનાઉંટરડા ગામના સી.સી. રોડ ઉપર ઠેર ઠેર ખાડા પડતાં દર્શન માટે આવતા યાત્રાળુઓ અને વાહન ચાલકો મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ગ્રામ પંચાયત દ્વારા આર. એન્ડ બી. પંચાયતના કાર્યપાલક ઈજનેરને લેખિત ફરિયાદ કરી છતાં તંત્ર પાસે ખાડા પૂરવાનો સમય ન હોય તેવી સ્થિતિ પેદા થઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાના પવિત્ર યાત્રાધામ દિપેશ્વરીધામ જૂનાઉંટરડામાં દર પૂનમે ૫૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓ દર્શન માટે આવતા હોય છે તેમજ સામાન્ય દિવસોમાં પણ અરવલ્લી ઉપરાંત સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, પંચમહાલ, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગરના ભક્તો માઁ ના ધામમાં શિશ ટેકવવા માટે આવતા હોય છે ત્યારે જૂનાઉંટરડા ચાર રસ્તાથી દિપેશ્વરી મંદિરના સી.સી. રોડ ઉપર ચોમાસા દરમ્યાન ખાડા પડી ગયા છે અને આ અંગે ગ્રામ પંચાયતના સરપંચ, ઉપસરપંચ ચંદ્રકાન્ત આર. જોષી તથા કારોબારી સભ્યોએ લેખિત રજૂઆત કરી છતાં તંત્ર દ્વારા જોખમી ખાડા પૂરવામાં આવતા નથી જેથી વરસતા

વરસાદ દરમ્યાન દર્શને આવતા નાના વાહન ચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

# બનાસકાંઠા ભાજપ દ્વારા મતદાતા ચેતના જનસંપર્ક અભિયાનનો પ્રારંભ

પાલનપુર, તા.૨૩ બનાસકાંઠા જિલ્લા ભાજપ કાર્યાલય પાલનપુર ખાતે ભાજપ જિલ્લા અધ્યક્ષશ્રી કીર્તિસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને અને પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષશ્રી નંદાજી ઠાકોરની વિશેષ ઉપસ્થિતીમાં "મતદાતા ચેતના જન સંપર્ક અભિયાન" અંતર્ગત પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. જેમાં બનાસકાંઠા જિલ્લા ભાજપ સંગઠન દ્વારા મતદાર યાદી મતદાતાના નામની નોંધણી, સરનામામાં ફેરફાર, મતદાર યાદીમાંથી નામ રદ કરવા જેવી સરકારી કામગીરી ભાજપના કાર્યકરો અને હોદ્દેદારો પોતાના વિસ્તારમાં ફરીને મતદાતાઓમાં જાગૃતિ લાવશે અને તેમને યોગ્ય માર્ગદર્શન સાથે મદદરૂપ થશે. આ અંગે વધુ વીગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લા ના સંવાદ દાતા હરેશ જી . જોશી પાલનપુર નો અહેવાલ વધુ માં જણાવે છે કે,



આ અંગે બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ કિર્તીસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે લોકશાહીમાં મતદાર એક કરોડરજજુ સમાન છે લોકશાહીની તાકાત મતદાર છે ત્યારે લોકશાહીને મજબૂત કરવા ભાજપ દ્વારા રાષ્ટ્રીય અને પ્રદેશ તેમજ જિલ્લા કક્ષાએ મતદાર જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે જેમાં બનાસકાંઠા જિલ્લામાં તા. ૨૧થી ૩૧ ઓગસ્ટ સુધી મતદાર જાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે સાથે અભિયાનમાં જિલ્લા પ્રમુખશ્રી, સાંસદશ્રી, ધારાસભ્યશ્રી, તમામ જિલ્લા અને તાલુકાના પદાધિકારીઓ સાથે કાર્યકરો પોતાના વિસ્તારમાં નવા મતદારના નામની નોંધણી કરાવી, મતદારના સરનામામાં ફેરફાર, મતદાર યાદીમાંથી નામની કમી કરવી જેવી સરકારી કામગીરીમાં જોતરાશે. જેમાં તા.૨૫ અને ૨૬ ઓગસ્ટની આ કામગીરી માટે ભાજપ દ્વારા ખાસ ડ્રાઈવ યોજવામાં આવશે.

પત્રકાર પરિષદમાં વિશેષ ઉપસ્થિત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષશ્રી નંદાજી ઠાકોર, જિલ્લા અધ્યક્ષશ્રી કીર્તિસિંહ વાઘેલા સાથે જિલ્લાના મહામંત્રી કનુભાઈ વ્યાસ, સંજયભાઈ બ્રહ્મભટ્ટ, શ્રેયાંશભાઈ પ્રજાપતિ, પૂર્વ જિલ્લા ઉપાધ્યક્ષ કૈલાશભાઈ ગહેલોત, જિલ્લા મીડિયા ઈન્ચાર્જ રશ્મિકાન્ત મંડોરા સહીત મોટી સંખ્યામાં પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

### ઉત્તર ગુજરાત યુનિ.ના વિભાગે રસ દાખવ્યા પછી નિરસ


# ઈડરીયાગઢ, પોળો ફોરેસ્ટમાં રોજગાર વિક્સિત કરવાનું આયોજન અભરાઈ ઉપર

બાયડ, તા.૨૩ રાજ્યના પ્રવાસન ધામોના વિકાસ માટેની દોડ હવે વિઘ્ન દોડ જેવી બનીને રહી ગઈ છે. સરકારનો પ્રવાસન વિભાગ તેમાં જાજો ઉત્સુક હોય તેવું જણાતું નથી તેવું ગત વર્ષે ઉત્તર ગુજરાત યુનિ.ના શારીરિક નિયામક વિભાગ દ્વારા રોજગાર ક્ષેત્રે પર્યટક સ્થળોને વિક્સાવવા રસ દાખવ્યો પરંતુ ૧ વર્ષ પછી પણ તેમાં કોઈ પ્રગતિ થઈ હોય તેવું જણાતું નથી.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા જિલ્લાના અનેક પૌરાણિક અને પ્રવાસન સ્થળોનો જોઈએ તેવો વિકાસ થયો નથી. સરકાર દ્વારા માતબર રકમ પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે ફાળવવામાં આવે છે પરંતુ સ્થાનિક સ્તરે ખાટલે ખોડ હોય તેમ માત્ર ઠરાવ ઉપર કામ અટકી પડે છે. જ્યારે ગત વર્ષે ઑગષ્ટ મહિનામાં ઉત્તર ગુજરાત યુનિ.ના શારીરિક નિયામક વિભાગ દ્વારા રાજ્યમાં ટુરીઝમ વિભાગમાં ઉત્તર ગુજરાતના પ્રવાસી સ્થળો ઉપર કાર્યરત ધંધા-રોજગારને વિક્સાવવા માટે આયોજનનો વિચાર કર્યો જેના કારણે સાબરકાંઠાના ઈડરીયોગઢ અને પોળો ફોરેસ્ટમાં ધંધા-રોજગાર વધુ વિક્સિત કરવા સેમિનાર, તાલીમ વર્કશોપ, જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવાનું સ્વપ્ર દેખાડવામાં આવ્યું હતું પરંતુ તેના આયોજન માટે ૧ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી પરંતુ ક્યાંય ધંધા-રોજગારનો વિકાસ થયો હોય તેવું નરી આંખે દેખાતું નથી. અત્યારે તો ધંધા-રોજગાર કરતા પરિવારો અત્યંત કઠીન સ્થિતિમાં ધંધા-રોજગાર ટકાવી રાખ્યાનું જોવા મળ્યું છે. માત્ર નિર્ણયના પરીપત્ર કરવાથી કશું થવાનું નથી પરંતુ સાચા અર્થમાં તેમને મદદ કરવા માટે યોગ્ય પ્રયાસો હાથ ધરવા પડશે માત્ર વાતોથી કશું થવાનું નથી.

### ભરચોમાસે મુસાફરોનાં મંદિર ચોખ્ખાં

# હિંમતનગર ડીવીઝનના ૭ એસ.ટી. ડેપોમાં ગંદકીને દેશવટો: એસ.ટી. બસ મથકોમાં અસરકારક સ્વચ્છતા અભિયાન




બાયડ, તા.૨૨ હિંમતનગર ડીવીઝનના ૭ એસ.ટી. બસ મથકોમાં છેલ્લા કેટલાક દિવસોથી વિભાગના અધિકારીઓ દ્વારા ખાસ સ્વચ્છતા અભિયાન શરુ કરવામાં આવ્યું છે. એસ.ટી. બસ મથકમાં અગાઉ ઠેકઠેકાણે ગંદકીનું સામ્રાજ્ય જોવા મળતું હતું પરંતુ અસરકારક સ્વચ્છતાના કારણે હવે બસ મથકો સાફસુથરાં જોવા મળી રહ્યાં છે. અગાઉ કેટલાક બસ મથકોમાં પગ મૂકતાં માથું ફાડી નાખે તેવી દુર્ગંધથી મુસાફરો ત્રસ્ત જણાતા હતા પરંતુ હવે ભચોમાસે મુસાફરોના મંદિર સમા બસ મથકોમાં દેખાયેલી સ્વચ્છતાએ સાચા અર્થમાં સ્વચ્છતા અભિયાનને સાર્થક કર્યું છે. મળેલ જાણકારી મુજબ એસ.ટી. નિગમ દ્વારા દરેક બસ સ્ટેશનમાં સ્વચ્છતા માટે અસરકારક અભિયાન શરુ કરવામાં આવ્યું છે જેમાં હિંમતનગર એસ.ટી. ડીવીઝન તાબાના ૭ એસ.ટી. ડેપોમાં તેમજ વર્કશોપની જગ્યા ઉપરાંત એસ.ટી. બસની સાફસફાઈ ઉપર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. એસ.ટી. બસ મથકોમાં મુસાફરો દ્વારા ફેંકવામાં આવતો કચરો ઉપાડી તેનો નિકાલ કરવો તેમજ પાણીની પરબ તેમજ ખૂણેખાંચરે પાન-ગુટખાની પીચકારીઓ દૂર કરવા માટે વિભાગના અધિકારીઓ જાતે સ્થળની મુલાકાત લઈ સફાઈ કર્મીઓ પાસે સફાઈ કરાવી રહ્યા છે. છેલ્લા એક સપ્તાહથી બસ મથકોમાં કાયાપલટ થતી જોવા મળે છે. હિંમતનગર એસ.ટી. વિભાગીય વડા હિમાંશુ જોષી, બાયડ ડેપો મેનેજર કિર્તનભાઈ પટેલ તેમજ હિંમતનગર એસ.ટી. ડેપોના મેનેજર ચેતન પટેલે નિગમ દ્વારા શરુ કરવામાં આવેલી સ્વચ્છતા ઝૂંબેશને અસરકારક રીતે ડેપોમાં અમલી બનાવી છે જેના કારણે હિંમતનગર એસ.ટી. ડીવીઝનના તાબામાં આવતા હિંમતનગર, મોડાસા, ઈડર, ખેડબ્રહ્મા, બાયડ, માણસા અને ભિલોડા ડેપોમાં જોવા મળતી સ્વચ્છતા હવે મુસાફરો પણ નોંધ લઈ રહ્યા છે. ટૂંકમાં સમયબદ્ધ અને સલામત ગણાતા એસ.ટી. નિગમમાં હવે ગંદકીનું સ્ટોપેજ રદ થયું હોય તેવાં દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

# અમદાવાદનું દંપતિ ગૃહ કંકાસમાં બંટી-બબલી બન્યું, મોડાસા શહેરમાં મોપેડ પર ૬ મોબાઈલ સ્નેચિંગ કર્યું, ટાઉન પોલીસે દબોચ્યા

મોડાસા, તા. ૨૩ અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં બંટી-બબલી ગેંગ મોપેડ પર સમડીની ઝડપે ત્રાટકી નાઈટ વોક પર



નીકળેલ લોકોના હાથમાંથી મોબાઈલની તફડંચી કરી ફરાર થઈ જતા વોકિંગ કરતા લોકોમાં ભયનો માહોલ પ્રવર્તી રહ્યો હતો ત્રણ દિવસમાં ૬ મોબાઈલ સ્નેચીંગની ઘટનાના પગલે ટાઉન પોલીસ દોડતી થઈ હતી શહેરના માર્ગ પર લાગેલ નેત્રમ કેમેરા અને અન્ય સીસીટીવી કેમેરાનું એનાલિસિસ કરી મોડાસા લિઓ પોલીસ ચોકી નજીક ઉભેલ બંટી-બબલી ગેંગ વધુ કોઈ રાહદારીને નિશાન બનાવે તે પહેલા ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા અમદાવાદની બંટી-બબલી ગેંગ મોડાસાના સનસીટી ગેસ્ટ હાઉસમાં રહી રાત્રે મોબાઈલ ચોરીને અંજામ આપતી હતી.

મોડાસા ટાઉન પોલીસે શહેરમાં નાઈટ વાૅકમાં નીકળતા લોકોના હાથમાંથી મોબાઈલ ઝુંટવી મોપેડ પર ફરાર થઈ જતા યુવક-યુવતીને ઝડપી પાડવા નેત્રમ સીસીટીવી અને અન્ય સીસીટીવી ફૂટેજનું એનાલિસિસ કરતા નંબર વગરના મોપેડ પર દંપતિ મોબાઈલ તફડંચી કરતા હોવાનું જણાઈ આવતા બાતમીદારો સક્રિય કરી બંટી-બબલી ગેંગને લિઓ પોલીસ ચોકી નજીકથી ઝડપી લીધી હતી જેમાં ચોંકવનાર ખુલાસા થયા હતા અમદાવાદના વટવા વિસ્તારમાં રહેતો અયાન અનીસમિયાં પઠાણ અને તેની પત્ની ચાંદની અમરુદીન શેખ દંપતી ઘૃહકંકાસના પગલે ઘર છોડી નીકળી ગયું હતું યુવક અગાઉ મોડાસામાં શાકભાજી વેચાણ કરતો હોવાથી મોડાસા શહેરમાં સનસીટી ગેસ્ટહાઉસમાં છેલ્લા ત્રણ દિવસથી રોકાણ કરી રાત્રીના સુમારે મોપેડ પર મોબાઈલ સ્નેચિંગ કરતુ હતું અને ત્રણ દિવસમાં રાત્રીના સુમારે



૬ નાઈટ વોક કરતા લોકોને નિશાન બનાવ્યા હતા ટાઉન પોલીસે ૧.૫૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ગણતરીના દિવસોમાં ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો અયાન શેખ સામે અમદાવાદ માં અગાઉ મારામારીના ગુન્હા પણ નોંધાયા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું

# બનાસકાંઠા જિલ્લા ભાજપ મહિલા મોરચાની બહેનોએ વડાપ્રધાનને રાખડી મોકલી



પાલનપુર. ૨૩ ભારતભરમાં હર્ષો ઉલ્લાસ સાથે ભાઈ બહેનના પવિત્ર પ્રેમને ઉજાગર કરતું રક્ષાબંધન પર્વ નજીકમાં છે ત્યારે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત કરવા બનાસકાંઠા જિલ્લા ભાજપ મહિલા મોરચાની બહેનો દ્વારા પાલનપુર ભાજપ કાર્યાલય ખાતેથી વડાપ્રધાનને રાખડીઓ મોકલવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અંગે વધુ વીગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લા ના સંવાદ દાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ વધુ માં જણાવે છે કે,પાલનપુર ખાતે આવેલ ભાજપ કાર્યાલય ખાતે બનાસકાંઠા જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રભારી પુષ્પાબેન ઠાકોરના અધ્યક્ષસ્થાને અને જીલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ ભીખીબેન વોરાની ઉપસ્થિતિમાં રક્ષાબંધનના પર્વ નિમિતે દેશના યશસ્વી વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત કરવા રાખડીઓ મોકલવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રદેશ અગ્રણી કુમુદબેન જોષી,માજી ધારાસભ્ય રેખાબેન ખાણેસા,પાલનપુર નગરપાલિકા પ્રમુખ કિરણબેન રાવલ, કોકિલાબેન પ્રજાપતિ સહિત જિલ્લામાંથી મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી વડાપ્રધાનને રાખડીઓ મોકલી આપી હતી અને વડાપ્રધાનના લાંબા આયુષ્ય તેમજ તેમનું આરોગ્ય નિરોગી રહે તેવી કામનાઓ કરવામાં આવી હતી.

### પ્રાંતિજ વૃંદાવન પાર્ક સોસાયટીના રહીશો દ્વારા

# પીવાના પાણીનો પ્રશ્ન, વરસાદી પાણીનો નિકાલ તથા સફાઈ મુદ્દે રજુઆત



પ્રાંતિજ તા.૨૩ સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ વુંદાવન પાર્ક સોસાયટીના રહીશો દ્વારા છેલ્લા પાંચ દિવસ થી પીવાનુ પાણી ના મળતા પ્રાંતિજ મામલતદાર ને આવેદનપત્ર આપી રજુઆત કરી. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તારમા આવેલ વુંદાવન પાર્ક સોસાયટીમાં છેલ્લા પાંચ દિવસથી પ્રાથમિક સુવિધા પીવાનુ પાણી ના મળતા રહીશો મા રોષ જોવા મળ્યો છે અને પાલિકા દ્વારા પાણીની ટેન્કર દ્વારા પણ પીવાનુ પાણીના આપતા હોવાનુ રહીશો જણાવી રહ્યા છે તો આ વિસ્તારના રહીશો નિયમિત વેરો ભરતા હોવા છતાંય પ્રાંતિજ નગરપાલિકા દ્વારા આપવામા આવતી પ્રાથમિક સુવિધાઓ જેવીકે પીવાનુ પાણી, ગટર સફાઈ, વરસાદી પાણીનો નિકાલ, સફાઈ સહિતની સુવિધાઓ માટે રહીશો દ્વારા પાલિકામા અનેકવાર મૌખિક લેખિત રજુઆત બાદ પણ સમસ્યા નો કોઈ નિકાલ ના આવતા આખરે વુંદાવન પાર્ક સોસાયટીના પ્રમુખ આર.કેચૌહાણ, મહિલા કન્વીનર રેખાબેન સોલંકી , ખજાનચી ગૌત્તમભાઈ સોલંકી, અરવિંદભાઈ જે.પરમાર, મુકુલભાઈ ચૌહાણ, કનુભાઈ પરમાર, દિપીકાબેન, ટિનકલબેન , ઈલાબેન સહિત સોસાયટીના રહીશો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે પોહચ્યા હતા અને પ્રાંતિજ મામલતદાર જૈનિલ શાહ ને આવેદનપત્ર સુપ્રત કરી ને રજુઆત કરી હતી.